સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સલામી સવારની..

આવે આડી આંખની શર્મ, ખોટાં ત્રાટક હોય છે!
તપાસમાં રાખે છીંડાં, બચાવે ફાટક હોય છે!
હાટકની લગડી જેવા, હોય છે આવાં 'મામલા' -
ધરપકડ-રિમાન્ડનાં ખોટાં નાટક હોય છે!

હાઈકુ

લ્યો! બેસી ગયા !!
પાછા ગાદી ઉપર -
મહા - 'મહંત'!

સૌની સુરક્ષા,
અને સૌનો વિકાસ -
કૌભાંડે પણ ?!

ચિંતન

ધર્મેણ હન્યતે વ્યાધિઃ ધર્મેણ હન્યતે ગ્રહઃ ।
ધર્મેણ હન્યતે શત્રુઃ યતો ધર્મ તતો જયઃ ॥

ઉપરોક્ત શ્લોક સંસ્કૃત સુભાષિત ભાંડાગારમાંથી લેવામાં આવેલ છે.

ધર્મથી વ્યાધિ, અર્થાત ચિંતાઓ, તણાવ ઉપાધિઓનો નાશ થાય છે, ધર્મથી દુષ્ટ ગ્રહનો પ્રભાવ દૂર થાય છે. ધર્મથી શત્રુનો નાશ થઈ શકે છે. જ્યાં ધર્મનું પાલન થાય ત્યાં હંમેશા સફળતા અને વિજયની પ્રાપ્તિ થાય છે.

ધર્મમાં પરોવાયેલા અને સંપૂર્ણ શ્રદ્ધા રાખનાર વ્યક્તિને ચિંતાો, મુશ્કેલીઓ કદાચ પરેશાન કરતી નથી, ધર્મજ્ઞ સદાય નિશ્ચિંત અને હળવાશથી પરિસ્થિતિઓને મુકાબલો કરી શકે છે,

રામચરિત માનસમાં કહ્યું છે કે કરોડ જાપ કરવાથી કુંડળીના દુષ્ટ ગ્રહો પણ સાનુકૂળ થઈ જાય છે. જાપ-ધર્મનું આ પરિણામ છે. રામ જેવા રામને પણ રાવણને મારવા અગત્સ્ય ઋષિએ 'આદિત્ય હૃદય' (સૂર્યસ્તોત્ર) ના જાપ કરવા સૂચવ્યું હતું. ધર્મથી શત્રુ પર વિજય મળે છે. જ્યાં ધર્મનું પાલન થતું હોય ત્યાં વિજય મળે જ છે.

સુવિચાર

- જેમ એક પૈડાથી ગાડી નથી ચાલતી, તેમ, મહેનત વગર નસીબ નથી ઊઘડતું - **જ્યુ ગોરિઝ**
- ઈચ્છાથી દુઃખ આવે છે, ઈચ્છાથી ડર આવે છે,
  જે ઈચ્છાઓથી આઝાદ છે, એ ન તો દુઃખ જાણે છે કે ન તો ડર - **બુદ્ધ**
- જે બુરાઈને જાણતો નથી એ કોઈના પર શક નથી કરતો - **નૂફાત**
- ચાલાકી અને અંધવિશ્વાસ વચ્ચે વિવેકનો અવાજ દબાઈ જાય છે - **એડમંડ બર્ક**
- હૃદયની શાંતિ શરીરનું જીવન છે, પણ ઈર્ષ્યા હાડકાનો સડો છે - **બાઈબલ**
- કોઈ વ્યક્તિમાં તમને જે ગમતું ન હોય એને પોતાની ભીતર સુધારવાનો પ્રયાસ કરો : **ટોમસ પર્લ**
- આજનું ઔષધ : કોઈ પણ પ્રકારનું ઝેર પેટમાં ગયું હોયતો તુલસીનો રસ જેટલો પીવાય તેટલો પીવાથી ઝેરનો દોષ ઉલ્ટી વાટે આ ઝાડા વાટે નીકળી જાય છે. **(સંકલન : દીપક વી. આશરા)**

બોધકથા

એક વખત અમેરિકાની એક શાળામાં વાર્તા લખવાની હરિફાઈનું આયોજન કરવામાં આવ્યું. સૌને એક બુદ્ધિશાળી વિદ્યાર્થીની પ્રતિભા પર શ્રદ્ધા હતી કે તેને જ આ પુરસ્કાર મળશે. બુદ્ધિશાળીને એમ થયું કે એક વાર્તા લખવા માટે આખા મહિનાનો સમય કેમ આપ્યો હશે. મારા માટે તો આ કામ ફક્ત. ત્રણ જ દિવસનું છે. મહિનાભરનો સમય આપવો તે મૂર્ખતા પૂર્ણ નિર્ણય લાગતો હતો. તે કોઈ પણ ચિંતા વગર બીજા કાર્યોમાં વ્યસ્ત રહ્યો. જ્યારે બે જ દિવસ બાકી રહ્યા ત્યારે તેણે ઉતાવળે એક વાર્તા લખી અધ્યાપકને આપી દીધી.આખરે પુરસ્કારની જાહેરાત થઈ. પોતાને જ પ્રથમ ઈનામ મળવાનું છે તે કોન્ફિડન્સ સાથે શાળાએ પહોંચ્યો. પણ આ વખતે પ્રથમ પુરસ્કાર બીજા કોઈ વિદ્યાર્થીને મળ્યો હતો. અને તેને બીજું ઈનામ મળ્યું. તે ઘરે આવીને ખૂબ રોયો. તેની મોટી બહેન તેના દુઃખનું કારણ સમજી ગઈ. તેણે નાનાભાઈને કહ્યું, તે એક મહિનાના કામને તું બે દિવસમાં ઉતાવળે કરવા જાય તો પરિણામ આવું જ તાય. હવે રડવાનું બંધ કર. તને જો પરાજયનું દુઃખ હોય તો તું તેને ઉપર ચડવાની પહેલી સીડી માની લે અને ભવિષ્યમાં કોઈ કામને હળવાશમાં ન લેતો.' મોટી બહેનની આ શિખામણથી તેને પોતાની ભૂલ સમજાઈ. મોટો થઈને આ બાળક અર્નેસ્ટ હેમિંગ્વેના નામે વિખ્યાત લેખક બન્યો. અને તેને સાહિત્યનું નોબેલ ઈનામ પણ મળ્યું. 'એ ફેરવેલ ટુ આર્મ્સ' અને 'ધી ઓલ્ડ મેન એન્ડ ધ સી' એમની શ્રેષ્ઠ કૃતિઓ છે.

ફેસબુક વિવાદ : લાઠી ઉસકી ભૈંસ !

તંત્રીસ્થાનેથી...

'સોશિયલ ડિસ્ટંસ'નું સૂત્ર આપનાર વડાપ્રધાન અને એમની પાર્ટી સોશિયલ મીડિયા પર સતત સક્રિય રહી છે બલકે એને પણ ટીવી ચેનલોની જેમ હસ્તગત કરી લઈ વિરોધી સૂરોને દબાવી રહી છે એ મતલબનો આક્ષેલ વૉલ સ્ટ્રીટ જર્નલ જેવા પ્રતિષ્ઠિત અખબારમાં થતાં ભારતીય નેતાઓ વચ્ચે કોરોના જેવા ચવાઈ ગયેલા મુદ્દાઓની સરખામણીએ એક નવો મુદ્દો ચર્ચાઈ રહ્યો છે. જમણેરી પરિબળોની લઘુમતી પ્રત્યે ધિક્કાર દર્શાવતી બાબતોને અમે ગાળીચાળીને ચાલીએ છીએ એવો ખુલાસો કર્યા છતાં આ માધ્યમો પણ સરકારની પ્રચારલીલાની જ ડિમડિમ વગાડતાં હોવાની વ્યાપક માન્યતા કોંગ્રેસ સહિતનાં બિનસાંપ્રદાયિક પરિબળોમાં પ્રવર્તે છે. રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધીએ આકરી ભાષામાં સરકારની ઝાટકણી કાઢી છે. ફેસબુકનાં ભારત ખાતેનાં કર્તાહર્તા આંખી દાસે એક ભાજપના નેતાની હેટ સ્પીચ પ્રત્યે દાખવેલ આંખમિચામણાંનો મુદ્દો ચર્ચામાં છે. આંખી દાસને બળાત્કારની અને મારી નાખવાની ધમકીઓ મળતાં તેમણે પોલીસ ફરિયાદ નોંધાવી છે. ફેસબુકના માલિક કહે છે કે અમે કોઈ પણ રાજકીય પાર્ટીની શૅહશરમ ભરતા નથી. હિંતા કે અશ્લીલ બાબતોને અમે અમારા પ્લેટફોર્મ પર સ્થાન આપતા નથી. અલબત્ત, હજી આ દિશામાં ઘણું બધું કરવાનું રહે છે એનો પણ એમને સ્વીકાર કર્યો છે. સોશિયલ મીડિયા હવે પ્રિન્ટ મીડિયા કરતાં વધુ સુલભ બની રહ્યું છે અને સદુપયોગ કરતાં વિશેષ ઘણી વાર દુરુપયોગ થતો જોવા મળે છે. ભારતની ચૂંટણીમાં આ પ્લેટફોર્મનો ભરપૂર ઉપયોગ બેઉ મુખ્ય રાજકીય પાર્ટીઓ કરતી રહી છે. કેન્દ્રીય કાનૂન મંત્રીએ ગત લોકસભાની ચૂંટણીમાં બ્રિટનની કૅમ્બ્રિજ એનાલિટિકા અને ફેસબુકના ડેટાનો કોંગ્રેસે બેશુમાર ઉપયોગ કર્યા હોવાનું સ્મરણ કરાવી રાહુલ ગાંધીને ચૂપ કરી દેવાનો પ્રયાસ કર્યો છે. મૂળે મુદ્દો પ્રસ્થાપિત મૂલ્યોની અવહેલનાનો છે. આંખી દાસે ભાજપી નેતાની હૅટ સ્પીચ પ્રત્યે એટલા કારણસર આંખ મિચામણાં કર્યાં હતાં કે એ શાસક પાર્ટીના નેતા હોઈ એમને માઠું લગાડવાથી ફેસબુકને અને એનાં ઈંડ્યિન પ્રતિનિધિને હેરાનગતિ થવાની દહેશત હતી. આ વાત એમણે નિખાલસતાપૂર્વક કબૂલી છે. દુનિયા આખી મૂલ્યનિષ્ઠ રાજકારણથી સેંકડો જોજન દૂર પહોંચી ગઈ છે. અમેરિકાના પ્રમુખની ચૂંટણીમાં ટ્રમ્પે પુતિનની મદદ લીધી હતી અને અત્યારે મોદીની મદદ લઈ રહ્ય છે. ફૅસબુક અને વોટ્સએપ માટે રાજકીય હસ્તિઓ સાથે બાકરી બાંધવાનું ઘણું અઘરું છે. આખરે એમને ધંધો ચલાવવો છે અને વિકસાવવો છે. મૂળ મુદ્દો રાજકીય પાર્ટીઓની અને નેતાઓની અંગત મૂલ્યનિષ્ઠા પર આવીને અટકે છો. ભારતીય જનતા પાર્ટી એના કેબિનેટ મંત્રી ગિરિરાજસિંહ, સાધ્વી પ્રજ્ઞા, ઉન્નાવના ઉટપટાંગ સાંસદ સાધુ કે ખુદ આદિત્યનાથ જેવા દેશના સૌથી મોટા રાજયના મુખ્યમંત્રીને એમની આવી 'હેટ સ્પીચ' આપતાં અટકાવી શકી નથી બલકે આંખ આંડા કાન કરી એમને પ્રોત્સાહિત કરતી હોય એવું લાગે છે તો સામા પક્ષે ઓવૈસી જેવા સિનિયર સાંસદ હિંદુઓને પડકારતા રહે છે - એ આપણા વર્તમાન રાજકારણની વરવી વાસ્તવિકતા છે. સંસદીય સમિતિ મારફત આ મુદ્દે તપાસ કરવાની માગણી શશી થરુર કરે ત્યારે એમાં પણ સીધું રાજકારણ જ દૃષ્ટિગોચર થાય છે રાજકારણ એ સત્તા માટેનું સમરાંગણ બની ગયુ છે અને એમાં મૂલ્યોને કોઈ જ સ્થાન નથી એવું આપણા લોકશાહીને વરેલા નેતાઓ એમનાં વાણી-વર્તનથી પ્રસ્થાપિત કરી રહ્યા છે ત્યારે વૉલ સ્ટ્રીટ જર્નલના લેખનું તારણ ગમે તેટલું સત્યની નજીક હોય તો પણ હોબાળો કરવાથી કશું વળવાનું નથી એ વિપક્ષોને સમજી લેવું જોઈએ. હિંદીમાં કહેવત છે : 'જિસકી લાઠી ઉસકી ભૈંસ.' એવી જ આપણી ભાષામાં પણ કહેવત છે : 'બળિતાના બે ભાગ !' હાલ, છેલ્લા કેટલાંક વર્ષોથી લાઠી કોંગ્રેસ પાસેથી ભારતીય જનતા પાર્ટીએ ઝૂંટવી લીધેલી છે અને મોદી સૌથી 'બળિયા' પુરવાર થયા છે - એ હકીકત સૌએ ફૅસબુક - વૉલસ્ટ્રીટ જર્નલે પણ સ્વીકારવી જ રહી !

આપણે આપણા દેશમાં બનેલી વસ્તુઓ જ ખરીદવી જોઈએ...

નવાં કલેવર
નટવર હેડાઉ

માધવ જે સાતમા ધોરણમાં ભણતો હતો. તેને ઓનલાઈન કલાસમાં ટીચરે પંદરમી ઓગસ્ટ વિષેન નિબંધ લખવાનું કહ્યું હતું. તેણે મમ્મીને પૂછ્યું, 'નિબંધમાં શું લખું?' તેની મમ્મી ઘરકામમાં વ્યસ્ત હતી એટલે કહ્યું કે, 'તમારી સ્કૂલમાં જે રીતે ઉજવણી થાય છે તે લખી દે.'

'પણ મમ્મી ટીચરે તો કહ્યું છે કે આપણે આ દિવસ શું કામ ઉજવીએ છીએ? આપણે આપણા દેશને કઈ રીતે કામ આવીએ છીએ ? જે લોકોએ દેશ માટે જીવનનું બલિદાન આપ્યું છે તેમની યાદમાં આપણે આપણી ફરજ કઈ રીતે નિભાવીએ છીએ. આવું બધું લખવાનું કહ્યું છે.' માધવે પોતાની નોટબુકમાં નોંધેલા મુદ્દા વાંચી બતાવતા કહ્યું.

'પોતાના મિત્રોને દેશભક્તિ ગીત અને ત્રિરંગા સાથેના ફોટા મોકલવા સોશિયલ મીડિયા પર પોતાની ડીપી સાથે ત્રિરંગો લગાવવો. દેશપ્રેમનાં ગીત કે મેસેજ લખવા અને સાંભળવા તે દેશપ્રેમ છે.' માનવની મમ્મીએ તેને સમજાવ્યું. 'સારું મમ્મી' કહીને માધવ દાદાજી પાસે ગયો. તેને મમ્મીની વાતથી સંતોષ થયો ન હતો. દાદાજીએ માધવ અને તેની મમ્મીની વાતો સાંભળી હતી. તેમણે પૂછ્યું. 'માધવ, બેટા શું કરે છે?'

'દાદાજી, મારે પંદર ઓગસ્ટ વિશે નિબંધ લખવાનો છે.' ખુરશી પર બેસતાં માધવ બોલ્યો.

'એમાં તું શું લખીશ?' દાદાજીએ પૂછ્યું.

'તે દિવસે આપણે શું શું કરીએ અીએ એ લખીશ.' 'જેના કારણે આપણને આઝાદી મળી એ શહિદોને યાદ કરી આપણે રોજ શું કરીએ છીએ એ પણ લખી શકાય. જેમ કે તું અને હું દેશ માટે શું કરીએ છીએ તે બતાવી શકીએ.' દાદાજી તેને પોતાના મનની વાત સમજાવવા માંગતા હતા.

'હાં, દાદાજી એ જ લખવાનું છે.' માધવે ખુશ થઈ કહ્યું.

'બેટા માધવ, આ વાતનો જવાબ એમ પણ હોઈ શકે કે આપણે માત્ર એક દિવસ નહીં પણ આખું વર્ષ આપણા દેશ પ્રત્યેની ફરજ કઈ રીતે નિભાવીએ છીએ એ બતાવી પણ બનાવી શકાય.'

દાદાજીએ હસતાં હસતાં કહ્યું, 'હું બેટા, દેશપ્રેમ કોઈ એક દિવસ પુરતો નહીં રોજની ફરજ છે. જે આપણે સૌએ નિભાવવી જોઈએ. જેમ કે આપણે ઘર અને બહાર સ્વચ્છતા જાળવીએ તે આપણી જવાબદારી છે. કોરોના વાયરસ ન ફેલાય તે માટે મોં પર માસ્ક પહેરવું. સોશિયલ ડિસટન્સ જાળવવું, કામ વગર બહાર ન નીકળવું એ પણ આપણી ફરજ છે. આપણે પાટણમાં રાણીની વાવ જોવા ગયેલા ત્યારે તારા પપ્પાએ દિવાલ પર પોતાનું નામ લખતા છોકરાઓને ધમકાવેલા ખરુંને, આપણા પુરાતન શિલ્પ સ્થાપત્યોની જાળવણી એ પણ એક પ્રકારનો દેશપ્રેમ જ છે.' દાદાજીએ માધવને યાદ અપાવી.

'હાં, દાદાજી, તમે અને મેં પ્લાસ્ટિકની બોટલો અને કોથળીઓ ડસ્ટબીનમાં નાંખેલી.' માધવેયાદ કરતાં કહ્યું, 'દાદાજી, તમે જે વાત સમજાવી તે મને ગમી, શું આ બધું લખી શકાય.'

'હાં, બેટા, કેમ નહીં જરૂરથી લખજે' દાદાજીને સારું લાગ્યું.

'દાદાજી બીજું કંઈ?' માધવની જીજ્ઞાસા વધી ગઈ.

'બેટા તેં જોયું હશે કે લોકડાઉન વખતે પોલીસ અંકલ અને ડૉકટરો તેમજ નર્સો રાતદિવસ કેટલું કામ કરતા હતા અને અત્યારે પણ કરે છે.'

'દાદાજી તમે પણ દેશભક્તિનું મોટું કામ કરો છો.' માધવે કહ્યું.

'હું વળી શું કરું છું?'

'તમે ઝૂંપડપટ્ટીનાં બાળકોને બોલાવી ભણાવો છો એ બીજું શું?' માધવ બોલ્યો.

'બેટા માધવ તું હવે મારી વાત બીલકુલ સમજી ગયો છે.' દાદાજીએ તેના માથે હાથ મૂકતા કહ્યું.

માધવ પોતાની સ્કૂલબેગ લઈ ફેંદવા લાગ્ય એ જોઈ દાદાજીએ પૂછ્યું, 'દિકરા શું શોધે છે?'

'ફોટા'

દાદાજીને લાગ્યું કે નિબંધ લખવાની વાત કરતા કરતાં માધવ ફોટા શું કામ શોધવા લાગ્યો.

'અમને અમારા નિબંધના સુશોભન માટે ટીચરે ફોટા લગાવવાનું કહ્યું છે. તે શોધીને મેં રાખેલા છે. જૂઓ.'

'સત્યના પ્રયોગો' દાદાજીએ પુસ્તકનું નામ વાંચ્યું

અનુસંધાન પાના નં ૭ પર

સંબંધોનો અભાવ : વ્યકિતને અંદરથી ખોખલી કરી એવી હોય છે

આવો જીવીએ શાનદાર
વિનોદ અમલાણી
amlani2000@yahoo.co.uk

(ગતાંકથી ચાલુ)

કોઈપણ પ્રકારના ઠોસ કારણોસર આપણાંથી દૂર રહેલા સ્વજનોનો આપણને અભાવ સાલતો હોય છે. એ અભાવ થકી આપણને વિવિધ પ્રકારની લાગણીઓ થતી રહેતી હોય છે. આ લાગણીઓ એવી હોય છે કે બધા જ મારાથી જાણી જોઈને દૂર જતાં રહ્યા છે, કોઈને મારી સાથે સંબંધો રાખવાની ઈચ્છા નથી, મારી સાથે મારા જ સ્વજનો કોઈપણ પ્રકરના સંબંધો રાખતા નથી, મારી કોઈ કાળજી લેતું નથી, મારી કોઈને ખેવના જ નથી, બધા સ્વજનોએ સાથે મળીને મને એકલો અટૂલો કરી દીધો છે, મેં જે સ્વજનો માટે જિંદગી ખરચી નાંખી એ લોકોને જ મારા માટે સમય નથી. આપણાથી દૂર રહેતા સ્વજનોને થકી જ આ પ્રકારની લાગણીઓ અનુભવતા હોઈએ છીએ એવું નથી. આપણી સાથે જ, એક જ ધરમાં રહેતા સ્વજનો પ્રત્યે પણ આપણને ક્યારેક આ પ્રકારની લાગણી થતી હોય છે અને એ લાગણી આપણાં મનમાં કાંટાની જેમ ભોંકાયા કરતી હોય છે અને આપણાં મન-હૃદયને લોહીલુહાણ કરતી રહેતી હોય છે. આપણી સાથે જ રહેતા સ્વજનો પ્રત્યે થતી આવી લાગણી વધારે પીડા આપતી હોય છે અને ક્યારેક એ ઘાતક પણ નિવડતી હોય છે.

પેલી 'થોડા સા રૂમાની હો જાયે'' ફિલ્મનાં અધિકારીની જેમ છેલ્લી ઘડી સુધીના આપણાં અહંકારને કારણે આપણું સ્વજન આપણને છોડીને જતું રહેતું હોય અને એ અધિકારીની પત્નીની જેમ એ સ્વજનો આપણાથી કાયમ માટે દૂર થઈ જતાં હોય છે. એનાથી ઊલટું ક્યારેક એવું પણ બનતું હોય છે કે આપણાં સ્વજનનાં આપણી સાથેના અહંકારને કારણે આપણે પોતે તેનાથી દૂર જતાં રહેવાનો નિર્ણય લઈ લેતા હોઈએ છીએ. આપણે પોતે જ્યારે આપણાં સ્વજનોથી દૂર જતાં રહીએ છીએ ત્યારે સ્વજનોનાં જીવનમાં પણ સંબંધોનો અભાવ પેદા થતો હોય છે. હકીકત જોઈએ તો આ બંને પ્રકારની પરિસ્થિતિમાં કોઈ જ ફર્ક જ નથી હોતો. એક વ્યક્તિના જીવનમાં સંબંધોનો અભાવ પેદા થાય એટલે ઉભયપક્ષે પણ અભાવ પેદા થવાનો જ. શક્ય છે એ અભાવનો અહેસાસ કોઈને વહેલા તો કોઈને મોડો થાય. શક્ય છે એ અભાવની પીડા કોઈને વધારે તો કોઈને ઓછી થાય, પણ અભાવ એ અભાવ જ રહેવાનો અને પીડા એ પીડા જ રહેવાની. એ પીડા ભોગવવામાંથી બંનેમાંથી કોઈ પક્ષ બાકાત રહી શકે નહીં. શક્ય છે કે બે પક્ષમાંથી કોઈ એ પીડાને વ્યક્ત ન કરે અથવા તો વ્યક્ત ન કરી શકે છતાં એ વ્યકિત પીડા તો ભોગવતી જ હોય છે. વધુમાં, જ્યારે કોઈ પક્ષ પોતાને થતી એ પીડા વ્યક્ત નથી કરતો ત્યારે એ પીડા વધારે અસહ્ય બની જતી હોય છે અને એ અવ્યક્ત પીડાને કારણે પરિણામો ગંભીર આવતા હોય છે.

આપણને આપનો અહંકાર આડો આવે છે ત્યારે છોડીને જતાં રહેલા સ્નેહીને આપણે રોકી શકતા નથી, આપણાં અહંકારને આપણે તોડી શકતા નથી પણ સંબંધો તોડી શકીએ છીએ. મુખ્ય મુદો એ છે કે આપણાં સ્નેહીઓ આપણને છોડીને દૂર જતાં રહે એવી ઘડી જ શા માટે આવી? આપણને છોડવાનો કપરો નિર્ણય તેઓએ શા માટે કર્યો?

તેના કારણો જાણવા માટે આપણે આપણી જાતનું મનોવૈજ્ઞાનિક વિશ્લેષણ કરવું જ રહ્યું. આપણાં સ્નેહી આપણને છોડી જતાં રહ્યા હોય એ પહેલાના એક-બે વર્ષના સમયગાળાનું તેઓ સાથેના આપણાં વર્તન અને વ્યવહારનું વિશ્લેષણ કરવું પડે. આપણે જો તટસ્થતાથી અને પ્રમાણિકપણે વિશ્લેષણ કરશું તો મહદ અંશે એ પરિસ્થિતી માટે આપણે પોતે જ દોષિત ઠરશું. એવું પણ બને કે એ પરિસ્થિતી માટે આપણે પોતે જ સંપૂર્ણપણે જવાબદાર હોઈએ. આપણે જ આપણાં સ્નેહીજનોને સમજી શક્યા ન હોઈએ અથવા તો તેઓને સમજવાનો પ્રયત્ન ન કર્યો હોય. શક્ય છે કે આપણી ક્ષમતા હોવા છતાં આપણે તેઓની જરૂરિયાતો પૂરી ન કરી હોય. શક્ય છે કે સ્નેહીઓએ જ્યારે જ્યારે પોતાની લાગણીઓ વ્યક્ત કરવા પ્રયત્ન કર્યા હોય ત્યારે આપણે તેમને ધ્યાનથી સાંભળ્યા જ ના હોય અથવા તો તેઓની લાગણી પ્રત્યે આપણે આંખ આડા કાન કર્યા હોય. શક્ય છે કે તેઓની અને આપણી વચ્ચે એક 'જનરેશન ગેપ' હોય અને એ 'ગેપ'ને ઓછો કરવા માટે આપણે ક્યારેય સંનિષ્ઠ પ્રયત્નો ના કર્યા હોય. શક્ય છે કે આપણે તેઓ માટે ક્યારેય સમય જ ન કાઢ્યો હોય. શક્ય છે કે આપણે તેઓને યોગ્ય માન-સન્માન ન આપ્યું હોય. શક્ય છે કે તેઓની આપણે ઉપેક્ષા કરી હોય. શક્ય છે આપણે તેઓની સતત અવગણના કરી હોય. શક્ય છે તેઓને જોઈતી લાગણી, પ્રેમ અને સ્નેહ આપણે ન આપ્યા હોય. શકય છે કે આપણાં જીવનમાં પણ તેઓનું કંઈક સ્થાન છે એવો ક્યારેય તેઓને અહેસાસ જ ન થવા દીધો હોય. શકય છે આપણે સ્વકેંદ્રી બની ગયા હોય અને તેઓને આપણાં પોતાના ગણ્યા જ ન હોય. આ બધુ કે આમાનું કંઈપણ થયું હોય તો સ્વાભાવિક છે કે તેઓ આપણાથી દૂર જતાં જ રહે. કદાચ એવું બને કે ભૌગોલિક રીતે તેઓ આપણાથી દૂર ન ગયા હોય, આપણી સાથે જ રહેતા હોય છતાં મન અને હૃદયથી તો આપણાથી જોજનો દૂર જતાં રહ્યા હોય.

આમ મોટાભાગે આપણી જીંદગીમાં સંબંધોનો અભાવ આપણે પોતે જ ઊભો કરતાં હોઈએ છીએ. સંબંધોના અભાવની આપણી પીડા માટે બીજા કોઈને જવાબદાર ઠેરવી શકીએ જ નહીં. આપણને એવો અધિકાર પણ નથી. સ્વજનો પ્રત્યેનો આપણો યોગ્ય વ્યવહાર અને વર્તન જ આપણી પીડાનો ઈલાજ છે. આપણે સ્નેહીજનોને સમજવાનો પ્રયત્ન કરીએ, આપણી ક્ષમતા પ્રમાણે તેઓની જરૂરિયાતો પૂરી કરીએ, તેઓ પોતાની લાગણીઓ વ્યક્ત કરે ત્યારે આપણે તેમને ધ્યાનથી સાંભળીએ, તેઓની અને આપણી વચ્ચે એક 'જનરેશન ગેપ' હોય તો એ 'ગેપ'ને ઓછો કરવા માટે સંનિષ્ઠ પ્રયત્નો કરીએ, તેઓ માટે સમય કાઢીએ, તેઓને યોગ્ય માન-સન્માન આપીએ, તેઓની ઉપેક્ષા ન કરીએ, તેઓની અવગણના ન કરીએ, તેઓને લાગણી, પ્રેમ અને સ્નેહ આપીએ, આપણાં જીવનમાં તેઓનું કંઈક સ્થાન છે એવો તેઓને અહેસાસ કરાવીએ. સ્વજનો સાથેના આપણાં સંબંધોમાં આપણાં અહમને જેટલો ઓગાળી શકીએ, એટલો અભાવ ઓછો થશે. સંબંધોના અભાવ થકી આપણે જો આપણી જાતને ખોખલી ન કરવી હોય તો શરત માત્ર એટલી જ છે કે આપણે આપણાં સંબંધોને પ્રેમ. સ્નેહ, હૂંફ, માન-સન્માનથી ભરી દઈએ.

જીવનમાં 'હરામ' હટે તો રામ અને રામરાજય આવી શકે



જીવન ઉપવન
મહેન્દ્ર એમ ત્રિવેદી
mmtrivedi007@gmail.com

ભારતવર્ષના ઈતિહાસમાં પણ જે દિવસ સુવર્ણ અક્ષરે લખાયો અને ભાવિના અનંતકાળમાં પણ ચમકશે તે દિવસ એટલે કે પાંચમી ઓગસ્ટ ૨૦૨૦ને બુધવાર જયારે અયોધ્યા રામજન્મ ભૂમિ ઉપર ભવ્યાતિભવ્ય રામ મંદિરનો શિલાન્યાસ આપણા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી એ પૂર્ણ મંદિર બને તે માટે વિવિધ સમયે ઘણો સંઘર્ષ ચાલ્યો. સરકારે પણ બદલાતી રહી અને છેવટે ન્યાયમંદિરના ટોચ ઉપરથી જાહેર થયેલાં નિર્ણય મુજબ રામમંદિર હવે બનશે કદાચ ત્રણેક વર્ષ લાગશે. પરંતુ આ સમગ્ર ભારતનાં લોકોની જબરી આસ્થાનો વિજય છે. ટીવી ચેનલો ઉપર બધાએ આ કાર્યક્રમ ખુબ આનંદ ઉલ્લાસથી નિહાળ્યો અને દીપ પ્રાગટ્ય કરી, મીઠાઈઓ વહેંચીને તેની ખુશી પ્રગટ કરી - ખુબ જ ઉમદા બાબત કેમ કે લોકોની શ્રદ્ધા રામ ઉપર છે, રામનું જીવન, તેની પ્રતિબદ્ધતા, ન્યાયપ્રિયતા, ત્યાગ, શૌર્ય, સ્નેહ, મધુરતા વગેરે બધાને અત્યંત પ્રિય છે અને એ રામ ઈશ્વરના દશાવતાર પૈકીના એક અવતાર છે!!

યુગ ગમે તે હોય પણ સત્ય સત્ય જ રહે છે અને અધમતા અધમતા જ રહે છે. મહાત્મા ગાંધીએ આઝાદીની લડાઈનું નેતૃત્વ સંભાળ્યું હતું એ વ્યક્તિ દેખાવમાં તદ્દન સામાન્ય પરંતુ દિલમાં રામ નામ - ભારોભાર ભર્યું હતું અને તેમને ગોળી મારવામાં આવી એટલે કે જીવનની અંતિમ ક્ષણોમાં તેમના શબ્દો હતા - હે રામ હે રામ !! દુનિયા છોડતી વેળાએ ભગવાનનાં શબ્દનું ઉચ્ચારણ થવું અતિ કઠણ હોય છે. રામચરિત માનસ પ્રત્યેક ભારતીય વ્યક્તિને ખૂબ જ ગમે છે. તેના મૂળમાં ભગવાન રામનું વ્યક્તિત્વ અને કર્તવ્ય - આ શ્રેષ્ઠત્તમ આદર્શ છે તેથી રામ રામ જનનાયક દરેકના દિલમાં વસી રહ્યા છે. રામ જેવું ચારિત્ર્ય ક્યાંથી લાવવું ? આ મુદ્દા ઉપર જ ચિંતન કરવા માટે દરેક વ્યક્તિએ સ્વયંને ઢંઢોળવાનું કામ કરવું જ પડશે. દરેકના ધર્મ અને કર્મ નક્કી જ હોય છે છતાં ત્યાં સફળતા મળતી નથી એટલે તેનો મર્મ નક્કી જ હોય છે છતાં ત્યાં સફળતા મળતી નથી એટલે તેનો મર્મ શોધવો એ જ વાસ્તવિક અધ્યાત્મ છે. સંખ્યા ગમે તેટલી હોય તેની કિંમત નથી પરંતુ સરવાળો થાય તો મહત્ત્વ પ્રગટ થાય છે!!

વિશાળ અર્થમાં જીવનને જોઈએ, આપણી વિરાસત - ગ્રંથોને વિશે વિચારીએ તો દરેકનું આગવું યોગદાન તેમાં દેખાશે. રામ અને રાવણનું યુદ્ધ, રામનું વન વિચરણ, હનુમાન સાથેનું મિલન વગેરે પ્રસંગોમાંથી શ્રીરામ ખૂબ જ ધૈર્યવાન, કૃપાળું, ન્યાય સભર અને દૃઢ સંકલ્પવાળા દેખાય છે. રઘુકૂળની રીતિ નિભાવી સત્તાનો લેશમાત્ર મોહ ના કર્યો અને પરિવાર ને માટે શું ઉત્તમ બની શકે તથા પ્રજામાં રાજા પ્રત્યેની જે પ્રીતિ હોય એ ડગે નહીં તેની તકેદારીને સદાય અગ્રતા આપી માટે જ પુષ્કર વિમાનમાં લંકાથી રાવણ સંહાર બાદ અયોધ્યામાં પધાર્યા તો પ્રજા હરખના હિલ્લોળે ઝૂમી સર્વત્ર બસ આનંદ આનંદ જ હતો! આ રામાયણ કોઈ પરિકલ્પના નથી અને તાત્ત્વિક દૃષ્ટિથી જોશો તો ખબર પડશે કે જ્યાં રામના ગુણો છે ત્યાં સુક સાથે વિજય છે પ્રજાને રામરાજયનાં ઉદયમાં ખુબ રુચિ છે એ સ્વાભાવિક છે.લોકોએ પણ યાદ રાખવું જ પડશે કે કોઈ પણ મંદિર સ્વયં કશું અર્પી શકે નહીં એ પ્રેરણાનું પવિત્ર સ્થાન હોય છે. સડી ગયેલા માન્યતામાં જે હરામ ઘૂસી ગયું છે તેને હટાવવું જ રહ્યું. હરામનો અર્થ જ કશું કર્યા વિના જ પ્રાપ્ત કરવાની મનોવૃત્તિ - જેનાથી આપણે ભ્રષ્ટ થઈ રહ્યા છીએ. ઋગ્વેદ (૬-૧૫-૪)માં લખ્યું છે - અગ્ને વિશ્વાનિ દૂરિતા તરેમ્ ॥ મતલબ કે હે પ્રકાશ સ્વરુપ પરમેશ્વર અમે બધી બુરાઈઓ, કષ્ટો અને દુઃખોથી પાર ઊતરીએ તેવી કૃપા કરજો. છાંન્દોગ્યોપનિષદમાં ધર્મનાં મુખ્ય ત્રણ લક્ષણો કહ્યા છે. ત્રયો ધર્મસ્કંન્ધાઃ યજ્ઞસ્તપો દાનમિતિ - અર્થાત્ યજ્ઞ કરવો, તપ કરવું અને દાન કરવું. હવે જુઓ કે રામચંદ્ર ભગવાનના જીવન આ બધું કેટલું અને કેવું સુદૃઢ હતું ત્યારે રામરાજયનું પ્રાગટ્ય થાય ! પરિશ્રમ પૂર્વક ધન કમાવું એ ધર્મ અને રાજયનું સુવ્યવસ્થિતરુપથી સંચાલન કરવું એ પણ ધર્મછે (જૈમિનીય ઉપ. ૩/૨૩૧) !! આ બધા સદ્શાસ્ત્રો કંઈ સ્વાર્થ કે પૈસા કમાઈ લેવા લખાયા નથી જ. ખુદના ભલા માટે હૈયામાં રામ ને જગ્યા આપી દો એ અંદર જ છે પરમાત્માનો અંશ જ આત્મા છે પણ માનવ તેનો ધર્મ-નિષ્ઠા કર્તવ્ય અને જીવવામાં નિષ્ફળ થઈ રહ્ય છે તેથી જ વિશ્વ આઝે વિચલિત અને ઉદાસ છે. (O men, let us earn money diligently and righteously while govern our state orderly and efficiently. That is righteousness)

વિશાળ અર્થમાં સુશાસનની વ્યાપકતા જો ઊભી થાય તો જ રામરાજયની વિભાવના ચરિતાર્થ થાય અન્યતા માત્ર કોઈ મંદિર સ્વયં કંઈ આપી શકે નહીં - એ સ્થાન ને આસ્થાસ્થાન કહેવામાં આવે છે. રામ હૈયે વસી જાય તો માનવીય દુર્ગુણો ને ત્યાં જગ્યા જ નહીં મળે. હવે આધુનિક યુગની બદકિસ્મતી એ છે કે યુવા વર્ગ પાસે કોઈ જ આદર્શ નથી, વાંચન નથી, મનન નથી, દિલથી સાચી શ્રદ્ધા નથી પછી જીવન આપઘાતના માર્ગે વળી જાય કે વ્યસનોમાં ડૂબી જાય છે. ગાંધીજી કહેતા કે વ્યક્તિના તન, મન અને આત્મામાં રહેલા શ્રેષ્ઠ તત્ત્વો ને બહાર લાવવાની પ્રક્રિયા એટલે કેળવણી !! શાશ્વત આનંદ માટે ઈશ્વરને સાથ અને સમજણનો સેતુ અવશ્ય જોઈએ. અતિ ભોગવાદથી સુખ નથી કે સંતોષ પણ નથી એટલે સત્વ તતા તત્વના સમન્વયથી આપણું અસ્તિત્વ નિખરવું જરૂરી છે તો જ રામ રાજી થાય. ભારતનો ઐતિહાસિક અમર વારસો છે જેમાં દુઃખ-દર્દોનું સમાધાન તથા જીવન દર્શન છે માટે આપણે દિલથી જાળવીએ અને રાજકારણની ગંદકી ત્યાં ભૂલથી પણ ના ઠાલવીએ. ભગવાન મર્યાદા પુરુષોત્તમ શ્રીરામ બધાના જીવનમાં આનંદની કૃપા કરે તે અભ્યર્થના છે.

શેર આસ્વાદ :

ફરિયાદ આપણે શું કરીએ
ઈશ્વરનાં દરબારમાં
ઈશ્વરને પણ ફરિયાદ છે
આપણા વ્યવહારમાં...